# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે સાત વાગે સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે..
- ✓ સ્વતંત્રતા દિવસે પોલીસ, અગ્નિશમન સહિતની વિશેષ સેવાઓ પ્રદાન કરનારા એક હજાર 37 જવાનોને શૌર્ય અને સેવા મેડલ એનાયત કરાયા..
- ✓ આજે વિભાજન વિભીષિકા દિવસ- ભોગ બનનાર ભારતના નાગરિકોને પ્રધાનમંત્રીએ શ્રધ્ધાંજલી અર્પી..
- ✓ ભ્રષ્ટાચારના કેસમાં સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની વચગાળાની જામીન અરજી ફગાવી..
- ✓ જાપાનના પ્રધાનમંત્રીએ પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી- આગામી સપ્ટેમ્બરમાં રાજીનામું આપે તેવી શક્યતા..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PREZ- ADDRESS INDEPENDENCE DAY*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 78માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ સાંજે 7 વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આપ, આકાશવાણીના તમામ કેન્દ્રો તેમજ દૂરદર્શનની તમામ ચેનલો પર પ્રથમ હિન્દી અને ત્યારબાદ અંગ્રેજીમાં સાંભળી શકશો.

આકાશવાણીના કેન્દ્રો પર પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે 9.30 કલાકે સાંભળી શકાશે. જ્યારે દુરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

## *INDPENDENCE DAY-SPECIAL GUESTS*

સરકારે આવતીકાલે દિલ્હીના લાલ કિલ્લા પર યોજાનારી સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે પંચાયતી રાજ સંસ્થાઓના 400 થી વધુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 160 થી વધુ કાર્યકર્તાઓને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કર્યા છે.

આ આમંત્રિતોમાં પંચાયતી રાજની મહિલા પ્રતિનિધિઓ અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પ્રાદેશિક અધિકારીઓનો સમાવેશ થાય છે, જેઓ દેશમાં વિવિધ યોજનાઓ લાગુ કરી રહ્યા છે. આ વિશેષ મહેમાનોને દેશના સશક્તિકરણ તરફના તેમના પ્રયાસોના સન્માનમાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે આમંત્રિત કાર્યકર્તાઓમાં આંગણવાડી કાર્યકરો, સખી વન-સ્ટોપ સેન્ટર, સંકલ્પઃ મહિલા સશક્તિકરણ કેન્દ્ર, અને અન્યનો સમાવેશ થાય છે. પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ પાયાના કાર્યકર્તાઓને આમંત્રિત કરવાનોનો હેતુ તેમને ઐતિહાસિક રાષ્ટ્રીય ઉજવણીનો ભાગ

બનાવી ગૌરવ અને દેશભક્તિની ભાવનાને ઉત્તેજન આપતા અનુભવ પ્રદાન કરવાનો છે

પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ પરિષદમાં સૌ આમંત્રિતોનું સન્માન કરશે.

## *DAY AMRIT UDYAN*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે અમૃત ઉદ્યાનનું ઉદ્ઘાટન કર્યું. આગામી શુક્રવારથી 15 મી સપ્ટેમ્બર સુધી સામાન્ય જનતા અમૃત ઉદ્યાનની મુલાકાત લઈ શકશે. 29મી ઓગસ્ટે રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે ખેલાડીઓને આ બગીચાની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત શાળા અને યુનિવર્સિટીના શિક્ષકોને પણ બગીચાની મુલાકાત લેવા માટે બોલાવવામાં આવ્યા છે.

અમૃત ઉદ્યાનની ટિકિટ રાષ્ટ્રપતિ ભવનની વેબસાઇટ પરથી બુક કરી શકાશે.

## *GALLANTRY AND SERVICE MEDAL*

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પોલીસ, અગ્નિશમન દળ, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધારણા કાર્યો સાથે જોડાયેલા 1 હજાર 37 જવાનોને શૌર્ય અને સેવા ચંદ્રકો આપવામાં આવ્યા છે. તેલંગાણા પોલીસના હેડ કોન્સ્ટેબલ ચડુવુ યાદૈયાને વીરતા માટેનો રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરાયો હતો.

ગૃહ મંત્રાલયે જણાવ્યા પ્રમાણે વીરતા મેડલ માટે 213 જવાનોની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે વિશિષ્ટ સેવા માટેના 94 રાષ્ટ્રપતિ મેડલમાંથી પોલીસને 75, 8 અગ્નિશમન દળને, નાગરિક સુરક્ષા અને હોમગાર્ડને 8 અને સુધારાના કાર્યો માટે 3 મેડલ એનાયત કરવામાં આવશે. મેરીટોરીયસ મેડલ માટે 729 કર્મચારીઓની પસંદગી કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ મેડલ વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે, જ્યારે ફરજ પ્રત્યેની નિષ્ઠા માટે મેરીટોરીયસ મેડલ આપવામાં આવે છે.

## *REV. PM- PARTITION REMEMBRANCE DAY*

આજે વિભાજન વિભીષિકા દિવસ છે. 1947 માં ભારતના ભાગલા દરમિયાન પીડિત લોકોના વેદનાની યાદમાં આ દિવસ મનાવવામાં આવે છે. . એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એવા અસંખ્ય લોકોને યાદ કર્યા હતા જેઓ ભાગલાની ભયાનકતાને કારણે પ્રભાવિત થયા હતા અને તેમણે ખૂબ જ સહન કર્યું હતુ. શ્રી મોદીએ કહ્યું કે આ તેમની હિંમતને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે, જે અપાર સહનશક્તિ દર્શાવે છે. તેમણે કહ્યું કે વિભાજનથી પ્રભાવિત થયેલા ઘણા લોકો તેમના જીવનનું પુનર્નિર્માણ કરવા અને અપાર સફળતા પ્રાપ્ત કરવા માટે આગળ વધ્યા હતા. પ્રધાનમંત્રીએ દેશમાં એકતા અને ભાઈચારાની રક્ષા માટે રાષ્ટ્રની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

રાષ્ટ્રના વિભાજનને કારણે જીવ ગુમાવનારા અને વિસ્થાપિત થયેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ અર્પવા, સરકારે 2021 માં તેમના બલિદાનોની યાદમાં દર વર્ષે 14 ઓગસ્ટને આ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી.

## *REV. SHAH - HAR GHAR TIRANGA*

ગૃહમંત્રી અમિત શાહે આજે હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને ત્રિરંગો ફરકાવ્યો હતો. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી શાહે જણાવ્યું હતું કે, તેમના નિવાસસ્થાને તિરંગો લહેરાવીને તેમણે એવા નાયકોને યાદ કર્યા જેમણે દેશની આઝાદી માટે બલિદાન આપ્યું હતું.

નાગરિકોમાં દેશભક્તિની ભાવનાને વેગ આપવા માટે 9 થી 15મી ઓગસ્ટ સુધી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઝુંબેશ હેઠળ, સરકારે લોકોને તેમના ઘરે તિરંગા ફરકાવવા અને તિરંગા સાથે સેલ્ફી લેવા અને તેને હર ઘર તિરંગા વેબસાઇટ પર અપલોડ કરવા અપીલ કરી છે.

## *SHAH – TRIPURA*

ગૃહમંત્રી અમિત શાહે ત્રિપુરામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની જીત માટે ત્રિપુરાના લોકોનો આભાર માન્યો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી શાહે કહ્યું, આ જીત ત્રિપુરાના લોકોની છે. તેમણે ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહા, પ્રદેશ ભાજપ અધ્યક્ષ રાજીવ ભટ્ટાચારજી અને પક્ષના કાર્યકરોને ભાજપ સરકારની વિકાસ તરફી પહેલોને લોકો સુધી પહોંચાડવાના અથાક પ્રયાસો બદલ અભિનંદન આપ્યા હતા.

## *SC-MINERAL TAX*

સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી છે કે રાજ્યો હવે ખનિજ અધિકારો પર બાકી વેરો વસૂલ કરી શકશે.

સર્વોચ્ચ અદાલતે એ દલીલને નકારી કાઢી હતી કે તેનો 25 જુલાઈનો આદેશ રાજ્યોને ખનિજ અધિકારો પર કર વસૂલ કરવાની સત્તા આપતો હતો તે 1 એપ્રિલ, 2005 પહેલાંના ખનિજ અધિકારો પર લાગુ થશે નહીં.

સર્વોચ્ચ અદાલતે 25 જુલાઈએ આદેશ આપ્યો હતો કે રાજ્યોને ખનિજ અધિકારો પર કર લાદવાની સત્તા છે. ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન અધિનિયમ 1957 રાજ્યોના અધિકારોને મર્યાદિત કરતું નથી.

## *SC-KEJRIWAL*

સર્વોચ્ચ અદાલત આજે દિલ્હીના મુખ્યમંત્રી  અરવિંદ કેજરીવાલને શરાબ નીતિ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં વચગાળાના જામીન આપવાનો ઇનકાર કર્યો હતો. અદાલતે આમ આદમી પાર્ટીના નેતાની જામીન અરજી પર સીબીઆઈનો જવાબ માંગ્યો હતો અને આ મામલાની સુનાવણી 23 ઓગસ્ટ પર મુલતવી રાખી હતી. AAP વડાની સીબીઆઈ દ્વારા 26 જૂને ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેઓ કથિત દારૂ નીતિ કૌભાંડમાંથી ઉદ્ભવતા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કસ્ટડીમાં હતા.

## *REV. HAJ APPLICATION*

આગામી વર્ષ 2025માં હજ યાત્રા માટે અરજી કરવાની પ્રક્રિયા શરૂ  કરવામાં આવી છે. હજ યાત્રા પર જવા ઈચ્છતા લોકો 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયને ગઈકાલે નવી દિલ્હીમાં અરજી પ્રક્રિયાની  શરૂઆત  કરી હતી.

આ પ્રસંગે શ્રી રિજિજુએ સાઉદી અરેબિયાએ ભારત માટે એક લાખ 75 હજારથી વધુ હજ યાત્રીઓનો ક્વોટા નક્કી કર્યો હોવાનું જણાવ્યું હતું.  તેમણે કહ્યું કે પ્રથમ વખત હજ કમિટીની વેબસાઈટ સિવાય હજ સુવિધા એપ દ્વારા પણ અરજીઓ કરી શકાશે.

## *INDIA AMBASSADOR-YEMEN*

યમનમાં ભારતના નવનિયુક્ત બિન-નિવાસી રાજદૂત ડૉ. સુહેલ એજાઝ ખાને યમનના વિદેશ બાબતોના મંત્રી ડૉ. શયા મોહસિન ઝિંદાનીને તેમના ઓળખપત્રોની નકલ રજૂ કરી છે. ગઈકાલે સાંજે યોજાયેલી બેઠક દરમિયાન રાજદૂત ખાન અને

વિદેશ મંત્રી ઝિંદાનીએ ભારત-યમન સંબંધો અને પરસ્પર હિતના અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેઓ હાલમાં સાઉદી અરેબિયામાં ભારતના રાજદૂત તરીકે સેવા આપે છે.

યમનમાં રાજકીય અને સુરક્ષાની સ્થિતિને કારણે 2015 થી સનામાં ભારતીય દૂતાવાસ અસ્થાયી રૂપે જીબુટીની એક કેમ્પ ઓફિસથી કાર્યરત છે.

## *JAPAN PM-RESIGN*

જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદાએ કહ્યું કે તેઓ સપ્ટેમ્બરમાં રાજીનામું આપશે. આજે એક પ્રેસ કોન્ફરન્સમાં ફરીથી ચૂંટણી નહીં લડવાના નિર્ણયની જાહેરાત કરતા શ્રી કિશિદાએ કહ્યું કે શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટીને નવી શરૂઆત કરવાની જરૂર છે.

સપ્ટેમ્બરમાં પાર્ટી દ્વારા નવા નેતાની પસંદગી કર્યા પછી 67 વર્ષીય LDP નેતા પોતાના પદેથી રાજીનામું આપે તેવી શક્યતા છે.

2021 થી પ્રધાનમંત્રી રહેલા શ્રી કિશિદા પર ભ્રષ્ટાચારના આરોપ મૂકવામાં આવ્યા હતા. જેને કારણે તેમના પક્ષમાં તેમનું કદ ઘટવા માડ્યું હતું.. શ્રી કિશિદાની રાજીનામુ આપવાની જાહેરાતથી એલડીપીના નેતાઓ ચોંકી ગયા છે. એલડીપી 1955 થી લગભગ સતત સત્તામાં રહ્યો છે..

## *ISRO - NATIONAL SPACE DAY*

ગયા વર્ષે 23 ઓગસ્ટના રોજ, ભારત ચંદ્ર પર ઉતરનાર ચોથો અને દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો હતો.

આ ઐતિહાસિક સિદ્ધિના માનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 23 ઓગસ્ટને "રાષ્ટ્રીય અવકાશ દિવસ" જાહેર કર્યો. દેશ તેના પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની

ઉજવણી “ટચિંગ લાઇવ્સ વાઇલ ટચિંગ મૂન- ભારત ની અવકાશ ગાથા "વિષય વસ્તુ સાથે  કરશે "

ISRO વૈજ્ઞાનિક એમ શંકરને , ઓલ ઈન્ડિયા રેડિયો સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે  અવકાશમાં ભારતની નોંધપાત્ર સિદ્ધિઓ, સમાજને તેના  લાભો અને જીવનના તમામ ક્ષેત્રના લોકો ને  ભારતીય અવકાશ કાર્યક્રમ સાથે જોડાવાની તકોને દર્શાવતા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.. શ્રી શંકરને માહિતી આપી હતી કે રાષ્ટ્રપતિ નવી દિલ્હીમાં મુખ્ય કાર્યક્રમનું ઉદઘાટન કરશે. આ કાર્યક્રમ પહેલા, અવકાશ ક્ષેત્રમાં ભારતની પ્રગતિ વિશે જાગૃતિ લાવવા માટે સમગ્ર દેશમાં રોબોટિક પડકારો અને હેકાથોનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.